આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૬-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## બીજા તબક્કાની ચુંટણી- મતદાન

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે 13 રાજ્યો અને જમ્મુ કાશ્મીરના કેન્દ્ર શાસિત પ્રદેશની 88 બેઠકો માટે મતદાન હાથ ધરાશે. મધ્યપ્રદેશની બેતવા બેઠક પરના ઉમેદવારનું અવસાન થતાં આ બેઠકની ચૂંટણી મોકૂફ રાખવામાં આવું છે. ત્યાં હવે ત્રીજા તબક્કામાં 7મી એ મતદાન થશે. આજે કેરળની બધીજ 20 બેઠકો પર મતદાન થશે.

ચૂંટણી જંગમાં આજે જેમના ભાગ્યનો મતદારો ફેંસલો કરશે. એમાં વર્તમાન લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રીઓ પ્રહલાદ જોશી, આર. વી. ચંદ્રશેખર, કોગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, શશી થરૂર ભાજપનાં વર્તમાન સાંસદ અભિનેત્રી હેમા માલિની, રામાયણ સિરિયલમાં રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ વિગેરે મુખ્ય છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

--------------------------------------------------------------------------

## વરિષ્ટ નાગરિકો-PWD મતદારો-મતદાન

લોકસભા ચૂંટણી-૨૦૨૪ અન્વયે વરિષ્ઠ નાગરિકો તથા વિકલાંગ મતદારો ઘર બેઠા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા અન્વયે કચ્છ સંસદીય મતદાર વિભાગમાં બી.એલ.ઓ. દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કચ્છના ૬૫-મોરબી સહિતના અલગ અલગ મતદાર વિભાગમાંથી ૮૫ વર્ષથી ઉપરના

કેટેગરીના ૧૨૯૬ મતદારો તથા ૪૧૫ PWD મતદારો સહિત કુલ ૧૭૧૧ મતદારોના ફોર્મ પ્રાપ્ત થયા હતા.

આ મતદારોના ઘરે જઈને વોટિંગ કરાવવા કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કુલ ૧૦૭ જેટલી પોલીંગ ટીમો, માઈક્રો ઓબ્ઝર્વર, પોલીસ તથા વીડિયોગ્રાફર સહિત અધિકારીઓ સાથે ઘરે જઈને ૨૫ થી ૨૮મી એપ્રિલ સુધી મતદાન કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**(માહિતી ખાતુ)**

---

## જિલ્લા-મતદાર કાપલી વિતરણ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે તે માટે સમગ્ર જિલ્લામાં ઠેરઠેર ચુનાવી પાઠશાળાનું આયોજન થઇ રહ્યું છે. તેમજ ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદાન જાગૃતિ કરવામાં આવી રહી છે. ત્યારે રાપર, માંડવી તેમજ અંજાર, લખપત તાલુકામાં વિવિધ ગ્રામ્યમાં ચુનાવી પાઠશાળા અંતર્ગત વાલીઓને મતદાન જાગૃતિ માટે સમજણ આપવામાં આવી હતી તેમજ મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારોને મતદાનનું મહત્વ સમજાવીને ભૂલ્યા વગર મતદાન કરવા અપીલ કરાઈ હતી.

**(માહિતી ખાતુ)**

---

## હીટવેવ-શાળા સમય ફેરફાર

હવામાન ખાતાની હીટવેવની આગાહીને પગલે જીલ્લાની તમામ પ્રાથમિકથી માંડી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના સમયમાં ફેરફાર કરાયો છે. રાહત કમિશનર અને મહેસૂલ વિભાગ સચિવ કચેરીના હીટવેવની પૂર્વ તૈયારીના પત્ર સંદર્ભે હીટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોવાથી તકેદારીનાં પગલાં લેવાં રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને સૂચના અપાઇ હતી, જેમાં શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ, તેની અસરો અને તેનાથી બચવાના ઉપાયો અંગે સમજ આપવી, ઉનાળા દરમ્યાન કોઇ

પણ જાતના ઓપન એર વર્ગો નહીં ચલાવવા તથા શાળાઓનો સમય સવારે 7 થી 11 સુધી રાખવા નાયબ શિક્ષણ નિયામક કચેરીની એક યાદીમાં જણાવાયુ  છે.

**(NP/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

## ફર્સ્ટ ટાઈમ-મતદાન સંકલ્પ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે ત્યારે BMCB નર્સિંગ કોલેજ,ભુજના તાલીમાર્થી વિદ્યાર્થીઓ પાસેથી કચ્છ જિલ્લાની SVEEP ટીમ દ્વારા ફર્સ્ટ ટાઇમ વોટનું મહત્વ સમજાવીને ફર્સ્ટ ટાઇમ વોટર એવા કોલેજના લગભગ ૫૦૦ કરતા પણ વધુ તાલીમાર્થીઓ અને તેમના વાલીઓ પાસે અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ લેવડાવ્યા હતા.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------

## ક્રિકેટ

રોયલ ચેલેન્જર બેંગાલુરુની ટીમે સન રાઈઝર્ હૈદરાબાદની ટીમને 35 રનમાં હરાવી મોટી સફળતા  મેળવી છે. બેંગાલુરુ ટીમે 6 વિકેટે 206 રન કર્યા હતા. હૈદરાબાદ ટીમ 8 વિકેટ ગુમાવી 171 રન કરી શકી હતી. બેંગાલુરુ ટીમે છ મેચોમાં પરાજય પછી વિજય મેળવ્યો છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------